

# લાફાની લપ્પનછપ્પન અને થપ્પડની ગુંજ!


ગ્લેમર જગતમાં કલાકારો એકમેકને થપ્પડ મારે ને પછી એકમેકને ગળે ભેટીને રડી લે એ બહુ કોમન છે. નાટક કે ફિલ્મના સીનમાં જ્યારે થપ્પડ મારવામાં આવે છે ત્યારે એક ખાસ ટેક્નિક હોય છે કે થપ્પડ મારનારો સામેના પાત્રના ગાલ પાસેથી હાથ લઈ જાય અને જેને લાફો પડવાનો છે એ તરત પોતાનો હાથ ગાલ પાસે લાવે, એક જાતની તાળી જેવો અવાજ આવે. આ બંને ઘટના એક ક્ષણમાં બને એટલે પ્રેક્ષકને લાગે કે ખરેખર થપ્પડ પડી! પણ એમાંયે નાના પાટેકર જેવા સેડિસ્ટ કલાકારો સામેનાને સાચે જ થપ્પડ મારીને મજા લે ને સામેનાને હડધૂત કરે!

કહેવાય છે કે મશહૂર અભિનેત્રી નૂતન અને સંજીવકુમાર વચ્ચે સોલિડ અફેર ચાલતું હતું અને એ વાત એ વખતના મીડિયામાં બહુ ચગેલી. વાત નૂતનના ઘર સુધી પહોંચી ને નૂતનના પતિ મિ. બહેલ ખૂબ નારાજ થયેલા. પછી તો એ આખી વાત એક અફવા છે એમ સાબિત કરવા નૂતને પોતાના પતિ મિ. બહેલને એક વાર ફિલ્મના સેટ પર બોલાવ્યા અને સૌની હાજરીમાં સંજીવકુમારને એક જોરદાર થપ્પડ મારી દીધેલી! કહેવાય છે કે સંજીવકુમાર અને નૂતને મળીને આ પ્લાન રચેલો જેથી નૂતનનું લગ્ન-જીવન બચી જાય! જો એમ હોય તો એ થપ્પડ પાછળ આપણા ગુજરાતી સ્ટાર હરિભાઈ ઉર્ફ સંજીવકુમારની ખાનદાની ઝલકે છે.

પછી એ જ સંજીવકુમાર સાથે રાજેશને ગેરમજણ થયેલી કારણ કે સંજીવ અને રાજેશ ખન્નાની ત્યારની ગર્લફ્રેન્ડ અભિનેત્રી અંજુ મહેન્દ્રુ સંજીવજીની સારી મિત્ર હતી જે ખન્નાને ગમતું નહીં અને ‘આપ કી કસમ’ ફિલ્મમાં રાજેશ ખન્નાએ સાચી થપ્પડ મારી દીધેલી અને બેઉ વચ્ચે વરસો સુધી અણબનાવ રહેલો. પછી અંજુએ ફિલ્મફેરમાં ચોખવટ કરેલી કે સંજીવજી માત્ર મિત્ર કે ભાઈ સમાન છે ત્યારે ફરી સંબંધો નોર્મલ બનેલા. હી-મેન ધર્મેન્દ્ર તો દેવયાની ચૌબલ નામની ગોસિપ પત્રકાર પાછળ સ્ટુડિયોમાં ચપ્પલ લઈને મારવા દોડેલો.

એ જ રીતે ઐશ્વર્યા રાય અને સલમાન વચ્ચે દોસ્તી હતી ત્યારે સલમાને, નિર્માતા નિર્દેશક સુભાષ ઘાઈને ઐશ્વર્યાને મોડી રાતે એસએમએસ કરવા માટે જોરદાર થપ્પડ મારીને બાથરૂમના કમોડમાં રીતસર ધક્કો મારેલો. એડ-ફિલ્મમેકર કૈલાશ સુરેન્દ્રનાથના ઘરે યોજાયેલી એક પાર્ટીની આ ઘટનાનાં અમે સાક્ષી હતા. ત્યાર બાદ સલમાનના લેખક પિતાએ સલમાનને બીજે દિવસે માફી માંગવા મોકલેલો અને પછી તો સુભાષજી સાથે સલમાને ‘યુવરાજ’ ફિલ્મ પણ કરેલી. આમ લાફાલાફીથી સંબંધો સંધાઈ પણ જતા હોય છે.

આવી લાફાબાજી બોલિવૂડમાં જ નહીં હોલિવૂડમાં પણ ચાલે છે. 2022માં ઓસ્કાર એવોર્ડમાં અભિનેતા વિલ સ્મિથે, એંકર કોમેડિયન ક્રિસ રોકને સ્ટેજ પર જઈને થપ્પડ ચોડી દીધી કારણ કે ક્રિસે વિલની પત્નીના ટાલિયા હોવા પર ભદ્દી મજાક કરી. પછી તો જો કે વિલ સ્મિથે માફી પણ માંગી લીધી પણ જેમ મન, મોતી ને કાચ એક વાર ભાંગે તો ના સંધાય એમ થપ્પડ પણ એક વાર લાગે તો પછી પાછી ના લેવાય. આપણે ત્યાં બોલિવૂડમાં સંજય દત્તે ને સલમાને ઘણા પત્રકારોને થપ્પડ મારી છે અને



**હી-મેન ધર્મેન્દ્ર તો દેવયાની ચૌબલ નામની ગોસિપ પત્રકાર પાછળ સ્ટુડિયોમાં ચપ્પલ લઇને મારવા દોડેલો. એ જ રીતે ઐશ્વર્યા રાય અને સલમાન વચ્ચે દોસ્તી હતી ત્યારે સલમાને, નિર્માતા નિર્દેશક સુભાષ ઘાઇને ઐશ્વર્યાને મોડી રાતે એસએમએસ કરવા માટે જોરદાર થપ્પડ મારીને બાથરૂમના કમોડમાં રીતસર ધક્કો મારેલો**

હજી કોર્ટના ધક્કા ખાય છે. સામાન્ય રીતે ભદ્ર એવા શાહરુખ ખાને નૃત્ય-નિર્દેશક ફરાહ ખાનના સળીબાજ પતિ શિરીષ કુંદરા પર ભડકીને બાંદ્રાની એક પાર્ટીમાં સૌની વચ્ચે થપ્પડ ઝીંકી દીધેલી જેના અમો સ્વયં સાક્ષી છીએ.

### સંગત સિતારોં કી

★ સંજય છેલ

અમારા મુરબ્બી મિત્ર અને અભિનેતા-નિર્દેશક શફી ઈનામદારને ‘હમ દોનોં’ ફિલ્મના સેટ પર અનેક પત્રકારો સામે નફ્ફટ નાના પાટેકરે લાફો મારેલો અને એ અપમાનની અસર સ્વમાની શફીભાઈ પર લાંબા અરસા સુધી રહેલી એટલે જ પછી નાના સાથે કામ કરવા બહુ ઓછા લોકો તૈયાર હતા. જૂના જમાનાના સંવાદના જાદુગર રાજકુમાર થપ્પડના સીનથી બહુ દૂર ભાગતા કારણ કે તેઓ માથામાં વિગ પહેરતાં અને થપ્પડથી વિગ હલી જાય તો? વળી રાજકુમાર અભિનેતા બન્યા એ પહેલાં મુંબઈના માહિમ પોલીસ સ્ટેશનમાં ઈનસ્પેક્ટર હતા ત્યારે એમણે એક શકમંદને એવી થપ્પડ મારેલી કે પછી માર મારેલો કે પેલો રીતસર મરી ગયેલો ને રાજકુમારે જેલમાં જવું પડેલું અને એમના પર વરસો સુધી કેસ થયેલો.

વળી કોઈ કારણથી ગુસ્સામાં કે વેરમાં મારામારી થાય તો એમાં લોજિક હોય છે પણ એક બીજી વિચિત્ર વાત જુઓઃ કાદર ખાન જેવા હાસ્ય અભિનેતાએ વાતવાતમાં સામેના પાત્રને થપ્પડ મારવાની સ્ટાઈલ શરૂ કરેલી. સામેનું પાત્ર સારો પંચ મારે અને એનો જવાબ ના હોય તો કાદર ખાન લાફો મારે! આ પણ એકજાતની વિકૃતિ જ છે ને?

થપ્પડનો નાટ્યાત્મક ઉપયોગ ‘કર્મા’ ફિલ્મમાં થયેલો જેમાં જેલર દિલીપ કુમાર થપ્પડ ખાઈને વિલન અનુપમ ખેર ડો. ડેંગને કહે છેઃ ‘‘યે થપ્પડ કી ગુંજ સુની તુમને? યે ગુંજ તુમ્હે મરતે દમ તક સુનાઈ દેગી.’’ લવ સીનમાં પણ થપ્પડ વપરાય છે. ‘આવિષ્કાર’ નામની ક્લાસિક ફિલ્મમાં રાજેશ ખન્ના અને શર્મિલા બેઉના ભગ્ન લગ્નજીવનની વાત બાસુ ભટ્ટાચાર્યએ સુંદર રીતે રજૂ કરેલી. એમાં એક સીનમાં રાજેશ ખન્ના સિગરેટ સળગાવે છે અને પત્ની શર્મિલા લાફો મારીને સિગરેટ પાડી નાખે છે. રાજેશ ફરી સિગરેટ સળગાવે છે અને શર્મિલા ફરી લાફો મારે છે. આમ 7-8 વાર થયા જ કરે છે અને બ્લેક એન્ડ વ્હાઈટ રંગમાં ઝાંખી મૂડ લાઈટિંગ સાથે ખરાબ મેરિડ-લાઈફનું સુંદર ચિત્રણ સતત થપ્પડોથી દેખાડવામાં આવેલું. તો એનાથી સાવ ઊંધું એક પાકિસ્તાની સી-ગ્રેડની ફિલ્મમાં ભાવાવેશમાં આવીને હિરો-હિરોઈન એકમેકને સતત થપ્પડ મારે છે ને પછી અચાનક ‘આઈ લવ યુ’ કહીને ભેટી પડે છે ને ચૂમાચાટી કરવા માંડે છે.

આવા લવ-સીનના લાફાઓને સમજવા સિગ્મંડ ફ્રોઈડ જેવા મનોવૈજ્ઞાનિકે પણ સાત વાર જાતને થપ્પડ મારીને વિચારવું પડે! બાકી કલાકારો તો ઠીક પણ આપણે સહુ પણ જીવનમાં કેટકેટલાં અપમાનોની અદ્રશ્ય થપ્પડો ખાઈને જીવી જ લઈએ છીએ ને?

# માસ્ટરમાઈન્ડ્સ સામે ભારતનો કાનૂની માસ્ટરસ્ટ્રોક

૨૬ નવેમ્બર ૨૦૦૮નો એ કાળો દિવસ ભારતનો પણ આંતરરાષ્ટ્રીય સમુદાય ક્યારેય ભૂલી શકે તેમ નથી, જ્યારે પાકિસ્તાન આધારિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના દસ સશસ્ત્ર આતંકવાદીઓએ મુંબઈ પર જળમાર્ગે આક્રમણ કરીને સમગ્ર દેશને હચમચાવી મૂક્યો હતો. ૧૬૬ નિર્દોષ નાગરિકોની નિર્મમ હત્યા અને સો કરતાં વધુ લોકોને ઈજાગ્રસ્ત કરનારા આ નૃશંસ આતંકી હુમલાને આશરે ૧૮ વર્ષ જેટલો સમય વીતી ચૂક્યો છે. ભારત સરકારે અને આપણી તપાસ એજન્સીઓએ આ હુમલાના સ્થાનિક ગુનેગારોને અને ઓપરેટિવ્સને તો સજા અપાવી, પરંતુ સરહદ પાર પાકિસ્તાનની સુરક્ષિત છત્રછાયામાં બેઠેલા મૂળ આકાઓ અને માસ્ટરમાઈન્ડ્સ સુધી કાયદાના લાંબા હાથ પહોંચી શક્યા નહોતા.

પાકિસ્તાનની દગાબાજી અને આંતરરાષ્ટ્રીય કાયદાકીય મર્યાદાઓનો લાભ ઉઠાવીને હાફિઝ સઈદ અને ઝાકી-ઉર-રહમાન લખવી જેવા આતંકવાદીઓ આટલા વર્ષોથી મુક્તપણે ઘૂમી રહ્યા હતા. પરંતુ, ભારતે હવે પોતાના ફોજદારી કાયદામાં કરેલા ક્રાંતિકારી સુધારા અને ખાસ કરીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૬ના અમલ દ્વારા આ ચિત્રને મુળપોથી બદલી નાખ્યું છે. મુંબઈ પોલીસ અને ગૃહ મંત્રાલય દ્વારા પાકિસ્તાન સ્થિત છ મુખ્ય આતંકી આકાઓ સામે શરૂ કરવામાં આવેલી ‘ટ્રાયલ-ઈન-એબ્સન્ટિયા’ એટલે કે આરોપીની ગેરહાજરીમાં કાનૂની કેસ ચલાવવાની પ્રક્રિયા એ વાતની સ્પષ્ટ સાબિતી છે કે ભારત હવે માત્ર વ્યૂહાત્મક સંયમ રાખનારો દેશ નથી રહ્યો, પરંતુ કાયદાકીય ક્ષેત્રે પણ આક્રમક રીતે ન્યાય છીનવી લેવાની ક્ષમતા ધરાવે છે.

બ્રિટિશ કાળથી દેશમાં અમલી જૂની ફોજદારી કાર્યરીતિ સંહિતા (CRPC)ની સૌથી મોટી મર્યાદા એ હતી કે તે આરોપીની ભૌતિક ઉપસ્થિતિના સિદ્ધાંત પર આધારિત હતી. જૂની CRPCની કલમ ૨૯૯ હેઠળ અદાલતો માત્ર ફરાર આરોપીઓ સામે સાક્ષીઓના નિવેદનો નોંધવાની મર્યાદિત સત્તા ધરાવતી હતી, પરંતુ આરોપીની ગેરહાજરીમાં કોઈ અંતિમ ચુકાદો, દોષસિદ્ધિ કે સજા સંભળાવી શકતી નહોતી. આ કાનૂની છટકબારીનો ગેરલાભ ઉઠાવીને પાકિસ્તાન જેવા બિન-સહકારી દેશોમાં આશ્રય લેનારા આતંકવાદીઓ અને વિદેશી ભાગેડુઓ ભારતીય ન્યાય પ્રણાલીને સતત ચકમો આપતા રહ્યા હતા. ૧ જુલાઈ, ૨૦૨૪થી અમલમાં આવેલી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૬એ આ કાનૂની અવરોધને મૂળમાંથી ઉખાડી ફેંક્યો છે. આ કલમ અંતર્ગત જ્યારે કોઈ ગંભીર ગુનાનો આરોપી કાયદાના હાથથી બચવા માટે વિદેશમાં છુપાઈ જાય છે કે અદાલત સમક્ષ હાજર થવાનો ઈનકાર કરે છે, ત્યારે અદાલત તેની ગેરહાજરીમાં પણ આખી અદાલતી કાર્યવાહી ચલાવીને આખરી ચુકાદો આપવા માટે સક્ષમ બને છે. આ સુધારાએ ભારતને સાર્વભૌમ દેશ તરીકે પોતાના નાગરિકો પર થયેલા અત્યાચારનો કાયદાકીય હિસાબ ચૂકવવાની એક અભૂતપૂર્વ શક્તિ આપી છે.

મુંબઈની ખાસ અદાલત સમક્ષ સબમિટ કરાયેલા કેસમાં જે છ પાકિસ્તાની નાગરિકોને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા છે, તેમાં લશ્કર-એ-તૈયબાનો સ્થાપક અને ૨૬/૧૧ હુમલાનો મુખ્ય વૈચારિક સૂત્રધાર હાફિઝ મુહમ્મદ સઈદ, લશ્કરનો સર્વોચ્ચ ઓપરેશનલ કમાન્ડર ઝાકી-ઉર-રહમાન લખવી, આંતરરાષ્ટ્રીય ઓપરેશન મેનેજર સજ્જાદ મીર, કરાચી કંટ્રોલ રૂમના ઈન-ચાર્જ અબુ અલકામા અને આસિમ ઉર્ફે અબુ કહાફા, તથા પાકિસ્તાની સેનાના પૂર્વ અધિકારી મેજર અબ્દુર રહમાન પાશાનો સમાવેશ થાય છે. આ એ જ વિલક્ષણ આકાઓ છે જેમણે મુઝફ્ફરાબાદના બૈત-ઉલ-મુજાહિદ્દીન કેમ્પમાં આતંકવાદીઓને વૈચારિક ઝેર પાઈને તૈયાર કર્યા હતા, કરાચીના હાઈ-ટેક કંટ્રોલ રૂમમાંથી સેટેલાઈટ ફોન અને VoIP ટેકનોલોજી દ્વારા મુંબઈના તાજ હોટેલ, ઓબેરોય ટ્રાઈડેન્ટ અને નરીમાન હાઉસમાં રહેલા આતંકવાદીઓને સીધા આદેશો આપ્યા હતા અને બંધકોની હત્યા કરવાના હુકમો છોડ્યા હતા. ભારત સરકારે આ તમામ આરોપીઓ સામે દ્વિપક્ષીય વોરન્ટ્સ, અવાજ-મેચિંગનું બાયોમેટ્રિક પૃથ્થકરણ, અને અમેરિકાની જેલમાં બંધ ડેવિડ કોલમેન હેડલીની વિડિયો ડિપોઝિશન જેવા આટકાટ પુરાવાઓ અદાલત સમક્ષ છે. યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ અપીલો ફગાવી દેવાયા બાદ તાજેતરમાં જ શિકાગોના બિઝનેસમેન તહવ્વુર રાણાને પણ ભારત લાવવામાં આવ્યો છે, જેણે હેડલી સાથે મળીને આખી રેકીનું આયોજન કર્યું હતું. આ તમામ તથ્યો દર્શાવે છે કે અદાલતમાં આરોપીઓની ગેરહાજરી હોવા છતાં પુરાવાની ગુણવત્તામાં કોઈ ખામી રહેવાની નથી.

આ સમગ્ર પ્રક્રિયાનો સૌથી મહત્વનો રાજકીય અને કૂટનીતિક પાસું એ છે કે તે વૈશ્વિક રાજનીતિ અને આંતરરાષ્ટ્રીય કાયદામાં ભારતનું પલ્લું અતિશય મજબૂત થશે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પ્રસ્તાવ ૧૩૭૩ અને આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સંધિઓ હેઠળ, કોઈપણ દેશ માટે સજા પામેલા આતંકવાદીઓને આશ્રય આપવો એ ગંભીર અપરાધ ગણાય છે. ભારતીય અદાલતનો ચુકાદો આવ્યા બાદ ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસોને આજીવન કેદ કે મૃત્યુદંડની સજા સાથે અપડેટ કરવામાં આવશે, જેથી આ આતંકવાદીઓ માટે પાકિસ્તાનની સરહદો બહાર પગ મૂકવાનું પણ અશક્ય બની જશે. પાકિસ્તાન હવે ‘તપાસ ચાલુ છે’ કે ‘અદાલતમાં કેસ પેન્ડિંગ છે’ તેવા બહાના હેઠળ આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરી શકશે નહીં. ભલે પાકિસ્તાન રાતોરાત આ ગુનેગારોને ભારતને ના સોંપે, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન પર રાજકીય, આર્થિક અને કૂટનીતિક દબાણ એટલી હદે વધી જશે કે તેને આ આતંકી બોજ ઊંચકવો મોંઘો પડી જશે.

ભારતના આ નવતર પ્રયોગની વ્યાપકતા માત્ર ૨૬/૧૧ કેસ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભારતની આતંકવાદ વિરોધી સમગ્ર વ્યૂહરચનાની એક નવી નવીનતમ દિશા છે. તાજેતરમાં જ જમ્મુની સ્પેશિયલ એનઆઈએ કોર્ટે પહલગામ આતંકી હુમલા અને ધ રેસિસ્ટન્સ ફ્રન્ટના ષડયંત્રના સંદર્ભમાં હાફિઝ સઈદ સામે બીએનએસએસ કલમ ૩૫૬ હેઠળ જ કાર્યવાહી શરૂ કરી છે. આ જ કાનૂની મોડેલનો ઉપયોગ હવે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર (જે ૨૦૧૬ના પઠાણકોટ અને ૨૦૧૯ના પુલવામા હુમલાનો મુખ્ય સૂત્રધાર છે), ૧૯૯૩ના મુંબઈ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોના માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમ કાસ્કર અને તેના ડી-કંપની નેટવર્ક, તેમજ કેનેડા, યુરોપ કે અમેરિકામાં બેસીને ભારત વિરોધી પ્રવૃત્તિઓ ચલાવતા ભગોડાઓ સામે પણ કરવામાં આવશે. ભારતે વિશ્વને સ્પષ્ટ સંદેશ આપી દીદો છે કે સરહદોની ભૌગોલિક મર્યાદાઓ હવે કાયદાકીય ન્યાયના માર્ગમાં દીવાલ બની શકશે નહીં.



**મુંબઈની ખાસ અદાલતમાં ચાલતી ઐતિહાસિક ટ્રાયલ-ઇન-એબ્સન્ટિયા એ ભારતની ન્યાય પ્રણાલીની પરિપક્વતા, મક્કમતા અને પ્રગતિશીલ માનસિકતાનું પ્રતીક**

અખબારોમાં જાહેરાતો અને ઈન્ટરપોલ મારફતે નોટિસો ઈશ્યૂ કરીને કલમ ૩૫૬ની તમામ કાનૂની જરૂરિયાતોનું અક્ષરશઃ પાલન કર્યું છે. નિર્ધારિત સમયમર્યાદામાં આરોપીઓ હાજર ન થતાં હવે સ્પેશિયલ જજ દ્વારા પુરાવાઓની નોંધણી અને સાક્ષીઓની તપાસ સાથે આખરી ચુકાદા તરફ પગલાં ભરાઈ રહ્યા છે.

### લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

ભારતનો આ કાનૂની વ્યૂહ માત્ર એક લાગણીશીલ કે રાજકીય હિલચાલ નથી, પરંતુ અત્યંત મજબૂત અને વૈજ્ઞાનિક પુરાવાઓની ભીંત પર રચાયેલો છે. વિશેષ સરકારી વકીલ ઉજ્જવલ નિકમ અને મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ તથા એનઆઈએ દ્વારા વર્ષોની મહેનતથી એકત્ર કરાયેલા પુરાવા આ ચુકાદાનો આધાર બનશે.

આ કેસનો સૌથી મોટો પાયો હુમલા દરમિયાન જીવતો પકડાયેલો આતંકવાદી મોહમ્મદ અજમલ આમીર કસાબનું મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાયેલું ન્યાયિક કબૂલાતનામું છે, જેમાં તેણે હાફિઝ સઈદ અને લખવીની પ્રત્યક્ષ ભૂમિકાને સ્પષ્ટ કરી હતી. આ ઉપરાંત, સાઉદી અરેબિયાથી ડિપોર્ટ કરાયેલા સૈયદ ઝબીઉદ્દીન અંસારી ઉર્ફે અબુ જુંદાલની પ્રત્યક્ષદર્શી સાક્ષી, કરાચી કંટ્રોલ રૂમ અને મુંબઈ વચ્ચે થયેલી વાતચીતના રેકોર્ડ થયેલા ઓડિયો લોગ્સ, આંતરરાષ્ટ્રીય ફોરેન્સિક લેબ્સ દ્વારા કરાયેલું પાકિસ્તાનના જૂઠ અને દંભનો પર્દાફાશ કરે છે. વર્ષોથી પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો જેવા કે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સમક્ષ એવો દાવો કરતું આવ્યું છે કે તેણે હાફિઝ સઈદ અને લખવીને જેલમાં પૂરી દીધા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પાકિસ્તાની અદાલતોએ સઈદને માત્ર ટેરર ફાઈનાન્સિંગ જેવા ગૌણ ગુનાઓમાં સજા કરી છે, જેમાં ૨૬/૧૧ના સમૂહસંહાર, હત્યા કે ભારત સામે યુદ્ધ છેડવાના ગુનાઓનો કોઈ ઉલ્લેખ જ નથી. લખવીને તો ૨૦૧૫માં જ જામીન આપી દેવાયા હતા અને પાકિસ્તાનની અંદર ચાલતો ૨૬/૧૧નો કેસ છેલ્લા ૧૫ વર્ષથી માત્ર તારીખ પે તારીખની રમત બનીને અટકી પડ્યો છે.

સજ્જાદ મીર જેવા આતંકીઓનું અસ્તિત્વ જ ન હોવાનો દાવો કરનાર પાકિસ્તાને જ્યારે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સના બ્લેકલિસ્ટમાં જવાનો ભય ઊભો થયો ત્યારે જ નાછૂટકે તેના પર કાર્યવાહી કરવાનું નાટક કર્યું હતું. ભારતની અદાલતમાં એકવાર આ તમામ આકાઓ વિરૂદ્ધ વિધિવત કેસ પૂરો થઈને અંતિમ સજા સંભળાવવામાં આવશે, એટલે આ છ આતંકવાદીઓનો કાનૂની દરજ્જો ‘તપાસ હેઠળના ભાગેડુ’માંથી બદલાઈને ‘સજા પામેલા આતંકવાદી ગુનેગાર’માં પરિવર્તિત થઈ જશે.

દોષસિદ્ધિના આ આખરી ચુકાદા બાદ

મતલબ કે, મુંબઈની ખાસ અદાલતમાં ચાલતી આ ઐતિહાસિક ટ્રાયલ-ઈન-એબ્સન્ટિયા એ ભારતની ન્યાય પ્રણાલીની પરિપક્વતા, મક્કમતા અને પ્રગતિશીલ માનસિકતાનું પ્રતીક છે. જે દેશ પોતાના નાગરિકોના લોહીના એક-એક ટીપાંનો હિસાબ કાયદાના દાયરામાં રહીને માગવાનું જાણે છે, તે જ દેશ વિશ્વગુરુ બની શકે છે.

કાયદાકીય વિલંબ અને સરહદ પારના અસહકારનો આશરો લઈને કાળજીપૂર્વક ઉગાડવામાં આવેલા આતંકવાદના આકાઓને હવે ભારતીય અદાલતો પોતાના ચુકાદાથી કાયદેસર રીતે દોષિત ઠેરવીને કાળી કોટડીનો રસ્તો બતાવશે. ૨૬/૧૧ના અમર શહીદો અને નિર્દોષ પીડિતોના પરિવારો માટે આ ચુકાદો માત્ર એક આશ્વાસન નહીં હોય, પરંતુ ભારતીય કાયદાના વિજયનો એક એવો શંખનાદ હશે જે ભવિષ્યમાં ભારત સામે આંખ ઉંચી કરનારા દરેક આતંકવાદી માટે ચેતવણીરૂપ સાબિત થશે.





# હવે માહિતી વ્યક્તિ સુધી પહોંચે છે

એક સમય એવો હતો જ્યારે વ્યક્તિ માહિતી શોધતો હતો, હવે એમ જણાય છે કે માહિતી વ્યક્તિ પાસે પહોંચી જાય છે આજના સમાજ માટે - આજના યુવાનો માટે આ એક મોટો આશીર્વાદ છે.

જુદી જુદી લાઈબ્રેરીમાં જવું, પુસ્તકોના પાના ફેરવવા, જો કંઈ અગત્યની માહિતી મળે તો તેની પેપર પર નોંધ ઉતારવી, અને આ માહિતીનું - આ પેપરનું યોગ્ય રીતે વર્ગીકરણ કરી તેને સાચવીને રાખવું; આ બહુ લાંબી, સમય માંગી લે તેવી અને કંઈક અંશે કંટાળાજનક પ્રક્રિયા હતી. ઘણીવાર એમ બને કે અન્ય બધી જ માહિતી મળી રહે સિવાય કે જે જરૂરી છે તે. માહિતી ક્યાં હશે તેની કોઈ ખાતરી ન મળે. જ્યાં માહિતી હશે ત્યાં યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય પ્રકારની હશે તે વિશે પણ કંઈ કહી ન શકાય. માહિતી માટે જો કોઈ વ્યક્તિને મળવાની જરૂર હોય તો તે પણ અતિ મુશ્કેલ કામ બની રહે, એક સમય એવો હતો જ્યારે માહિતી સુધી પહોંચવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી!

આજે પરિસ્થિતિ સાવ ભિન્ન છે. જો મોબાઈલ ખિસ્સામાં હોય અને નેટવર્ક અવેલેબલ હોય તો એમ કહી શકાય કે દુનિયાની બધી જ માહિતી “હું ખિસ્સા લઈને ફરું છું”દરેક વિષયની માહિતી, દરેક વિષયની દરેક પ્રકારની માહિતી, દરેક વિષયની જુદા જુદા પરિપ્રેક્ષ્ય વાળી માહિતી, દરેક વિષય માટેની વર્ગીકૃત માહિતી, અલ્ગોરિધમનો સિદ્ધાંત જો સમજવામાં આવે તો - દરેક વિષય માટેની જે તે વ્યક્તિ સંદર્ભિત માહિતી; બધી જ માહિતી મળી રહે. તમે કહો તે બધું જ, તમને જરૂરી હોય તે બધું જ, તમે કહો ત્યારે, તમે કહો ત્યાં, તમે કહો તે સ્વરૂપે મળી રહે. સમાજની દરેક વ્યક્તિ માટે આ અભૂતપૂર્વ સગવડતા છે. માહિતી એકત્રિત કરવા હવે કશે જવાની જરૂર નથી. મોબાઈલ, કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટ દ્વારા માહિતી ઘર આંગણે આવીને ઊભી છે. વળી આ માહિતી એટલા વિપુલ પ્રમાણમાં છે કે તેમાંથી કઈ માહિતી ખરેખર જરૂરી છે એનો નિર્ણય પણ ઘણીવાર મુશ્કેલ બની રહે. કદાચ તે સમજવા માટેની પણ માહિતી પણ મળી રહેતી હશે.

કોઈપણ બાબત વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત હોય ત્યારે નવા જ પ્રકારના પ્રશ્નો ઊભા થાય. સૌપ્રથમ તો તે બાબતનું મહત્વ ઓછું થતું જાય. જરૂરિયાત કરતા વધારે પ્રમાણમાં જો ખોરાક પ્રાપ્ય હોય તો ખોરાકની કિંમત ન સમજાય. માહિતી બાબતે પણ આમ જ થતું જણાય છે. વિપુલ પ્રમાણમાં માહિતી હોવાને કારણે

**માહિતી માટે જો કોઈ વ્યક્તિને મળવાની જરૂર હોય તો તે પણ અતિ મુશ્કેલ કામ બની રહે, એક સમય એવો હતો જ્યારે માહિતી સુધી પહોંચવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી!**

ક્યારે જરૂરી માહિતી નજરની બહાર જતી રહી હોય, તેમ પણ બની શકે. સાથે સાથે હવે બિનજરૂરી માહિતી પણ વિપુલ પ્રમાણમાં આંગળીના ટેરવે ફરતી હોય છે. માહિતીમાં પણ એટલું વૈવિધ્ય રહેલું હોય છે - એટલી ભિન્નતા રહેલી હોય છે - એટલી સંદર્ભિકતા રહેલી હોય છે કે, ખરેખર શું સમજવું તેની સમજણ ન પડે. અહીં દરેક પ્રકારની વાત સાંભળવા મળે. અહીં દરેક પ્રકારનો પક્ષ તેમજ પ્રતિપક્ષ સરખી તીવ્રતાથી હોય જેનાથી મૂંઝવણ ભરેલી સ્થિતિ ઊભી થઈ શકે. ઘણી બધી માહિતી વચ્ચેથી યોગ્ય માહિતી ગોતવી તે પણ પડકાર રૂપ બની રહે, જેને પરિણામે ક્યારેક, સગવડતા માટે, જે માહિતી હાથમાં આવે તેનો ઉપયોગ કરી લેવા મન પ્રેરાય. આ એક જોખમ ભરેલી સ્થિતિ છે. જોકે આવું તો પુસ્તકોમાં પણ થતું હતું. ફેર એટલો કે હવે આ જોખમની માત્રા વધી ગઈ છે અને “જોખમની પ્રાપ્તિ”સરળ થઈ ગઈ છે. છતાં પણ આશીર્વાદ તો છે જ.

### આંખની અટારી

★ હેમુ ભીખુ

સાથે સાથે આ માહિતી એટલી સસ્તી છે કે જાણે દરેક વ્યક્તિ તેનો વિપુલ ઉપયોગ કરવા સમર્થ બની રહે. આ પણ એક સારી નિશાની છે. હવે મોટાભાગની સ્થિતિમાં મોંઘા પુસ્તક ખરીદવાની જરૂર નથી. માહિતી અન્ય સ્વરૂપે મળી રહે છે. જે પુસ્તક માટે એક સમયે મહિનાની આવકનો જેટલા પ્રતિશત હિસ્સો ખર્ચાઈ જતો હતો એટલી કિંમતમાં તો કદાચ હવે જીવનભર માહિતી મળતી રહે. માહિતી સસ્તી થઈ ગઈ છે અને તેથી જ માહિતીની “કિંમત” ઓછી થઈ ગઈ છે. એક રીતે સારું છે તો અન્ય રીતે સ્વીકારી ન શકાય તેવી પરિસ્થિતિ જન્મ લે છે. દરેક

દરેક સાધન, દરેક ઉપકરણમાં થતું હોય છે તેમ, અહીં પણ માહિતીનો સદુપયોગ તથા દુરુપયોગ, બંને સંભવી શકે. જીવન કેવી રીતે બનાવી શકાય તેની માહિતી પણ તમારા હાથમાં છે અને જીવન કેવી બગાડી શકાય તે માહિતી પણ તમારા જ હાથમાં છે. માહિતીની સાથે જે બીજી વસ્તુઓ મળી રહે છે તે જોખમી પણ છે. અહીં સંયમની જરૂર છે. અહીં વિવેકની જરૂર છે. અહીં વ્યક્તિગત ઘડતર માટેના મૂલ્યો સ્થપાય તે જરૂરી છે. અહીં નિયંત્રણ પણ જરૂરી છે.

એકંદરે સ્થિતિ સરસ છે. માહિતી માટે પહેલાં જે ભાગદોડ કરવી પડતી હતી, છતાં પણ માહિતી ન મળવાની જે શક્યતા હતી, એકવાર એકત્રિત કરેલ માહિતીને સાચવીને ફરીથી નજરે ચડે એ રીતે સાચવવાની જવાબદારી હતી, અને પ્રતિ પક્ષની માહિતીની અવગણના માટેની જે સંભાવના હતી; તે બધાનું નિરાકરણ આવી ગયું. માહિતી હવે આપણા ઘરનો દરવાજો ખટખટાવે છે. પણ તે હવે અતિથિ સમાન નથી, તે તો કાયમ માટે ત્યાં જ છે. તેને આવકાર આપવાનો, તેનો સ્વીકાર કરવાનો, યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તેનું પ્રયોજન સાર્થક કરવાનું. જે આશીર્વાદ સમાન છે તે આશીર્વાદ સમાન જ બની રહે તે જોવાનું ઉત્તરદાયિત્વ છે. નહિતર તો જે વિપુલ પ્રમાણમાં મળી રહે, તે લાંબાગાળે નકારાત્મક પરિણામ લાવી શકે, તેવી સંભાવના વધુ હોય છે.